ફરીયાદ રજૂ તારીખ :- ૨૨-૦૮-૨૦૨૫
ફરીયાદ દાખલ તારીખ :- ૨૨-૦૮-૨૦૨૫
ફરીયાદ નિકાલ તારીખ:- ૦૯-૦૭-૨૦૨૬
સમય અવધિ :- વર્ષ માસ દિવસ

==========================================

**મે.ઝાલોદના એડીશ્નલ સીનીયર સિવિલ જજ અને એડી ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ઝાલોદ.**

==========================================

**ક્રિમીનલ કેસ નંબર : 3470/2025**

**આંક :**

**ફરિયાદી : શ્રી સરકાર,**

**વિરૂધ્ધ**

**આરોપી :** મનીષકુમાર ચંદુલાલ મોદી

રહે.હોળી ચકલા ફળીયુ,તા.લીમડી.

**ગુન્હો : બાળક અને કિશોર મજુરી એકટની કલમ-૩,૧૪ મુજબ.**

==========================================

શ્રી સરકાર તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.એલ.ગણાવા.
આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એચ.આર.શાહ.

==========================================

**-: ચુકાદો :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મોદી નાસ્તા હાઉસ નામની હોટલ પર આશિષભાઈ ચુનીયાભાઈનાને મજુરી કામ પર રાખી બાળ અને કિશોર મજુરી ગુન્હો કરેલ હોય જેથી ફરીયાદીએ સદર ગુના બાબતની વિગતવારની ફરીયાદ સબંધિત પો.સ્ટે.માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપીને અટક કરી સમગ્ર તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૨) સદરહુ કામે આરોપીને સમન્સ બજી જતાં, આરોપીઓ તેમના વિ.વકીલશ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલા. આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ આ કામે આંક–૦૩ થી આરોપીની પ્લી લેતા આરોપીઓએ સદર ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| | | | |
|---|---|---|---|
| (૧) | ફરીયાદી | મહેન્દ્રભાઈ જેમાલભાઈ | આંક–૦૮ |
| (૨) | પંચસાહેદ | ધીરુભાઈ દખડતા | આંક–૦૫ |
| (૩) | પંચસાહેદ | સમીરકુમાર જૈન | આંક–૦૭ |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદ | આંક–૦૯ |
| (૨) | પંચનામુ | આંક–૦૬ |

આ કામે ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(૪) સદર કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ ન આવતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) બન્ને પક્ષે દલીલો સાંભળી.

(૬) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**–:મુદ્દા:–**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ મોદી નાસ્તા હાઉસ નામની હોટલ પર આશિષભાઈ ચુનીયાભાઈનાને મજુરી કામ પર રાખી બાળ અને કિશોર મજુરી અધિનિયમની કલમ–૩,૧૪ મુજબનો ગુન્હો આચરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ

**-:કારણો :-**

(૮) **મુદ્દા નં.૧ અને ૨ :-**

ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪ થી ૧૦૬ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ફરીયાદપક્ષે ફરીયાદી મહેન્દ્રભાઈ જેમાલભાઈને આંક-૮ થી  તપાસવામા આવેલ છે જેઓ જુબાની જણાવેલ છે કે, તેઓ તથા સ્ટાફના માણસો સાથે લીમડી પોલીસ સ્ટેશનમા વિસ્તારમા સરકારી વાહનમ પેટ્રોલીગમા કરતા હતા ત્યારે હોળી ચકલા બજાર લીમડી મોદી નાસ્તા હાઉસમા નામની એક હોટલ એક બાળ કિશોરને વાસણ સાફ સફાઈ કામ કરતો હતો જોવામા આજુબાજુમા બે પંચોના માણસો બોલાવી પંચોને સમજ કરી પંચો રૂબરૂ પંચનામું કરેલ તેમજ હોટલ પર એકાદ વર્ષ થી કામ કરતો હોવાનુ અને ૬,૦૦૦/- આપતા હોવાનુ તેમજ પછી હોટલમા હાજર ઈસમનુ નામ પુછતા મનીષકુમાર મોદી હોવાનુ જણાવેલ  અને દુકાનનો માલિક હોવાનુ જણાવેલ છે જે બાબતની ફરીયાદ લીમડી પોલીસ સ્ટેશનમા ફરીયાદ દાખલ કરેલ છે.

સદરહુ ફરીયાદી ઉલટતપાસમા જણાવે છે કે, આ દુકાનની આજુબાજુ ઘણી બધી દુકાનો આવેલ છે, બાળકને દુકાનમા મજુર તરીકે રાખેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, તેમજ આરોપી કહેવાતા બાળ શ્રમીકને માસિક ૬,૦૦૦/- આપતા હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી.

ફરીયાદપક્ષે પંચસાહેદ ધીરુભાઈ દખડતાને આંક-૫ થી તથા પંચસાહેદ સમીરકુમાર જૈનને આંક-૭ થી તપાસેલા છે કે,જેઓ પંચ નામાના પંચસાહેદો

છે તેઓની જુબાની ઘ્યાને લેતાં તેઓ પંચ નામાઓ મા સહી/અંગુઠો કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૯) ઉપરોકત રેકર્ડ ઉપરનો તમામ પુરાવો લક્ષમા લેતા ફરિયાદપક્ષે તપાસવામા આવેલ ફરીયાદીનો પુરાવો જોતા હાલના કામે આ દુકાનની આજુબાજુ ઘણી બધી દુકાનો આવેલ છે, બાળકને દુકાનમા મજુર તરીકે રાખેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, તેમજ આરોપી કહેવાતા બાળ શ્રમીકને માસિક ૬,૦૦૦ આપતા હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમજ પંચસાહેદનો પુરાવો જોતા પંચસાહેદે માત્ર સહી/અંગુઠો કરેલ હોવાની હકીકતોને સમર્થન કરેલ હોય ત્યારે હાલના કામે પંચનામાની હકીકતો પંચસાહેદ દવારા પુરી કરી શકેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઈ શકે,આમ સદર કામના આરોપી સામે સીધો અને સ્પષ્ટ માનવાલાયક પુરાવાની ગેરહાજરીસબબ સદર આરોપી સામે કોઈ ગુનો બનતો ન હોય,ઉપરોકત ચર્ચા ઘ્યાને લેતાં તેમજ સદર કેસનો પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂઘ્ધ નિ:શંક પણે પુરાવો રજુ કરી શકેલ નથી અને આક્ષેપિત ગુનાના તત્વો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.ર અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–: હુકમ :–</u>

(૧) આ કામના આરોપી મનીષકુમાર ચંદુલાલ મોદી,રહે.હોળી ચકલા ફળીયુ, તા.લીમડી નાઓને બાળ અને કિશોર મજુરી અધિનિયમની કલમ–૩,૧૪ અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧ (૧) મુજબના

શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧(એ) અન્વયે આરોપીને રૂા.૫,૦૦૦/- ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૭/૨૦૨૬
સ્થળ :- ઝાલોદ

**( ડો.ઈન્દ્રજીતસિંહ ભાટી )**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,ઝાલોદ.
( જજ કોડ :- જી.જે.૦૧૩૩૪ )